**ગાંધીધામ મહાનગરપાલિકા**

**પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧**

**તા.૧૧/૦૨/૨૦૨૬**

**"અખબારી યાદી"**

## ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ગાંધીધામ ખાતે અંદાજીત ૨ કરોડ ના ખર્ચે ૨ ફૂડ વેન્ડિંગ ઝોન અને ૧ શાક માર્કેટ નું આયોજન

## શેરી ફેરિયાઓ ની ફૂડ વેન્ડિંગ ઝોન થકી આજીવિકા સુરક્ષિત કરવાની દિશામાં ગાંધીધામ મહાનગરપાલિકાનું પ્રથમ પગલું

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના સ્ટ્રીટ વેન્ડરો માટે વેન્ડીંગ ઝોનની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી દિનદયાલ પોર્ટ ઓથોરીટી પાસેથી જમીનની માંગણી કરવામાં આવી હતી. આ અનુસંધાને દિનદયાલ પોર્ટ ઓથોરીટી દ્વારા ગાંધીધામ ખાતે ૨ ખાલી પ્લોટની ફાળવણી ૨ ફૂડ વેન્ડિંગ ઝોન અને ૧ શાક માર્કેટ વિકસાવવા માટે કરવામાં આવેલ છે. આ વેન્ડિંગ ઝોન અને શાક માર્કેટ માટે GETCO દ્વારા ૨ કરોડ CSR ફંડ ની સૈધાંતિક મંજુરી આપવામાં આવી છે.

આ વેન્ડિંગ ઝોન તથા શાક માર્કેટમાં અંદાજીત ૨૦૦ જેટલા વેન્ડરોને સમાવી શકાશે, બંને ફૂડ વેન્ડર ઝોન પેવર બ્લોક, નાગરિકો માટે બેઠક વ્યવસ્થા, એક સરખી સ્ટોલ, સ્ટ્રીટ લાઇટ તથા પાણીની સુવિધા થી સજ્જ હશે, અને શાક માર્કેટમાં થલા, ટોઇલેટ, પાણીની સુવિધા કરવામાં આવશે,

આ ઝોન દ્વારા વેન્ડરોને માનભર્યું અને ગૌરવપૂર્ણ પ્લેટફોર્મ મળશે, જેથી તેઓ સ્થિર આવક મેળવી શકે અને તેમના જીવનમાં આર્થિક સ્થિરતા આવે. સાથે સાથે, આ વ્યવસ્થા સ્થાનિક સ્તરે આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપશે અને શહેરમાં સ્વચ્છ તથા આરોગ્યપ્રદ પર્યાવરણ જળવાઈ રહેશે, ટ્રાફિક વ્યવસ્થા વધુ સુદૃઢ બનશે, નાગરિકોને સુવિધાજનક ખરીદી તથા ખાણી-પીણી ની તક મળશે અને સમગ્ર શહેરના સર્વાંગી વિકાસમાં આ વેન્ડીંગ ઝોનો મહત્વપૂર્ણ યોગદાન આપશે.

ઉપરોક્ત કામ માટે ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ટેન્ડર બહાર પાડી દેવામાં આવ્યું છે. તેવું મહાનગરપાલિકાની અખબાર યાદીમાં જણાવવામાં આવે છે.

**જનસંપર્ક અધિકારી**